# આઈપીએલ-૭ ૧૬મી એપ્રિલથી શરૂ

નવી દિલ્હી,તા.૧૨

હાઈપ્રોફાઈલ ઈન્ડિયન પ્રિમિયર લીગ (આઈપીએલ)ની મેચો ૧૬મી એપ્રિલથી ૧લી જૂન વચ્ચે રમાશે. સંયુક્ત અરબ અમિરાતમાં આઈપીએલની પ્રાથમિક તબક્કાની મેચો રમાશે જ્યારે બાંગ્લાદેશમાં મેચો યોજવાને લઈને તૈયારી રાખવામાં આવશે. બાંગ્લાદેશને એક રીતે સ્ટેન્ડબાય તરીકે રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ઈન્ડિયન પ્રિમિયર લીગ-૭ની મેચો ભારત, સંયુક્ત અરબ અમિરાત અને બાંગ્લાદેશમાં રમાશે. સામાન્ય ચૂંટણીને ધ્યાનમાં લઈને ભારત સરકારે સુરક્ષા ઉપલબ્ધ કરાવવાને લઈને મુશ્કેલી અનુભવ કર્યા બાદ આઈપીએલની ગવર્ની કાઉન્સિલ દ્વારા આ અંગેનો નિર્ણય લેવામાં આવ્યો હતો. હાઈપ્રોફાઈલ ઈવેન્ટના સ્થળો અંગે ચાલી રહેલી અટકળોનો અંત આવી ગયો છે. સામાન્ય ચૂંટણીને ધ્યાનમાં લઈને આ વખતે મેચોના સ્થળોને ખસેડવાનો નિર્ણય લેવાયો છે. જો કે, ૧૩મી મેથી અંતિમ તબક્કાની મેચો ભારતમાં રમાશે. બીસીસીઆઈએ ૧લી મેથી ભારતમાં મેચો યોજવા સરકારની પરવાનગી માંગી હતી. બોર્ડના સેક્રેટરી સંજય પટેલે એક નિવેદનમાં કહ્યું છે કે, જો સરકાર રાજ્યોમાં ટુર્નામેન્ટ માટે સુરક્ષા ઉપલબ્ધ કરાવવા સહમત થશે તો ભારતમાં વહેલી તકે પરત ફરવામાં આવશે. બીસીસીઆઈ એવી જાહેરાત કરશે કે ૨૦૧૪ પેપ્સી આઈપીએલ સીઝનની ૧૬મી એપ્રિલ ૨૦૧૪થી શરૂઆત થશે અને પહેલી જૂન ૨૦૧૪ના દિવસે પુરી થશે. ટુર્નામેન્ટના પ્રાથમિક તબક્કાની મેચો યુએઈ, અબુધાબી, દુબઈ અને શારજહાંમાં ત્રણ સ્થળો ઉપર ૧૬મી એપ્રિલથી ૩૦મી એપ્રિલ વચ્ચે રમાશે. ૧૬મી એપ્રિલથી ૩૦ એપ્રિલ વચ્ચેના ગાળામાં ઓછામાં ઓછી ૧૬ મેચો સંયુક્ત અરબ અમિરાતમાં રમાશે. બીસીસીઆઈ




અમિરાત ક્રિકેટ બોર્ડ, તેના ચેરમેન શેખ લાયક મુબારક અને યુએઈની સરકારનો આભાર માને છે. આ ગાળા દરમિયાન પેપ્સી આઈપીએલની મેચો યોજવા મંજુરી આપવામાં આવી છે. જ્યારે બીજા તબક્કાની મેચો કામચલાઉ રીતે બાંગ્લાદેશમાં રાખવામાં આવી છે. જો બીસીસીઆઈને સરકારની મંજુરી મળી જશે તો ભારતમાં આ મેચો રમાશે. પહેલી મેથી ૧૨મી મેના દરમિયાનના ગાળામાં બીસીસીઆઈએ ગૃહમંત્રાલય, ભારત સરકારનો સંપર્ક કર્યો હતો અને ભારતમાં આ મેચો યોજવા માટે પરવાનગી માંગી હતી. ૧૩મી મેથી બાકીની લીગની મેચો અને પ્લેઓફ મેચો ભારતમાં રમાશે. શુક્રવારે મતગણતરીના દિવસે કોઈપણ મેચ રમાશે નહીં. કોઈ વધારે નિયંત્રણની જરૂર છે કે કેમ તેને લઈને પણ સત્તાવાળાઓની સલાહ મેળવવામાં આવશે. પેપ્સી આઈપીએલ-૧૪ માટે વિસ્તૃત મેચ કાર્યક્રમ ટૂંકમાં જ મોકલી દેવામાં આવશે. ભારતમાં લોકસભાની ચૂંટણી નવ તબક્કામાં સાતમી એપ્રિલથી ૧૨મી મે વચ્ચે યોજાનાર છે. આજ કારણસર સરકારે આઈપીએલ માટે સુરક્ષા ઉપલબ્ધ કરાવવાનો ઈન્કાર કરી દીધો છે. બીજી વખત આઈપીએલની મેચો ચૂંટણીના કારણે દેશની બહાર ખસેડવામાં આવી છે. ૨૦૦૯માં સમગ્ર આઈપીએલ કાર્યક્રમ દક્ષિણ આફ્રિકામાં ખસેડવાની ફરજ પડી હતી. બીસીસીઆઈના અધિકારીઓ અને આઈપીએલના ચેરમેન બિશ્વાલે છેલ્લા થોડાક દિવસથી ગૃહમંત્રાલય સાથે વાતચીત કરી હતી. આ લીગમાં આઠ ટીમો ભાગ લેશે. ઓછી સંખ્યામાં ટીમો હોવાને કારણે આ વખતે લીગની અવધિ ઘટાડીને ૪૭ દિવસની કરાઈ છે. અને મેચોની સંખ્યા સ્થિર રાખવામાં આવી છે. છેલ્લી સિઝનમાં ૭૬ મેચો રમાઈ હતી અને ૭૬ દિવસ સુધી આઈપીએલની મેચો ચાલી હતી. આઈપીએલની શરૂઆત યુએઈમાંથી કરાશે.

## આરજેડીના બળવાખોર નેતા રામ કૃપાળ યાદવ ભાજપમાં સામેલ થયા

પટણા-નવીદિલ્હી,તા.૧૨

આરજેડીના બળવાખોર નેતા રામકૃપાળ યાદવ આજે વિધિવત રીતે ભાજપમાં સામેલ થઈ ગયા હતા. તેઓ લાલૂ પ્રસાદ યાદવની પુત્રી મિશા ભારતી સામે પાટલીપુત્રમાંથી ચૂંટણી મેદાનમાં ઉતરે તેવી શક્યતા દેખાઈ રહી છે. રામકૃપાળ એક વખતે લાલૂ યાદવના ક્રાઈસીસ મેનેજર તરીકે પણ ગણવામાં આવતા હતા અને લાલૂના સૌથી વિશ્વાસુ પૈકીના એક હતા. રામ કૃપાળ યાદવ ભાજપમાં સામેલ થતાં લાલૂ યાદવને મોટો ફટકો પડ્યો છે. રામ કૃપાળ આજે ભાજપ પ્રમુખ રાજનાથસિંહ અને વરિષ્ઠ નેતા રવિશંકર પ્રસાદને મળ્યા હતા. રવિશંકર પણ બિહારના છે. પાટલીપુત્ર બેઠક અંગે નિર્ણય ભાજપની કેન્દ્રીય ચૂંટણી સમિતિની બેઠકમાં લેવામાં આવશે. ભાજપની કેન્દ્રીય ચૂંટણી સમિતિની બેઠક ગુરુવારના દિવસે મળનાર છે. ભાજપ દ્વારા રામ કૃપાળને પાર્ટીમાં સામેલ કરવાના નિર્ણયથી બિહારમાં પક્ષની સ્થિતિને મજબૂતી મળી શકે છે. કારણ કે, યાદવ મત જે મોટા ભાગે આરજેડીને મળતા હતા તે હવે




ભાજપને મળી શકે છે. આ ઘટનાક્રમ અંગે લાલૂ પત્નિ અને ભૂતપૂર્વ મુખ્યમંત્રી રાબડી દેવીએ કહ્યું છે કે, રામ કૃપાળની બાદબાકી પક્ષને નુકસાન કરશે નહીં. બીજી બાજુ મિશાએ કહ્યું છે કે, રામ કૃપાળ સાથે તમામ રાજકીય સંબંધો ખુબ જ મજબૂત છે પરંતુ હવે આ સંબંધો બંધ કરી દેવામાં આવ્યા છે. જો કે, પારિવારિક સંબંધો સામાન્ય રીતે ચાલુ રહેશે. મિશાએ કહ્યું છે કે, બે વિચારધારાની આ લડાઈ રહેશે. સંબંધીઓ વચ્ચેની લડાઈ રહેશે નહીં.

બિહારમાં લાલૂ યાદવને આ વખતે જોરદાર ફટકો પડે તેવી શક્યતા દેખાઈ રહી છે. લાલૂ યાદવ કોંગ્રેસની સાથે મળીને લોકસભાની ચૂંટણીમાં મેદાનમાં ઉતરનાર છે. બીજી બાજુ ભાજપ અને જેડીયુ જુદી જુદી રીતે ચૂંટણી મેદાનમાં ઉતરી રહ્યા છે. બિહારની ચૂંટણી પણ આ વખતે જોરદાર રોમાંચક બને તેવી વકી છે.

## મમતાની દિલ્હી રેલીમાં ખુબ જ ઓછી જનમેદની

નવીદિલ્હી, તા.૧૨

તૃણમુલ કોંગ્રેસના વડા અને પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીને આજે મોટો ફટકો પડ્યો હતો. કારણ કે, મમતા બેનરજીએ અતિમહત્વપૂર્ણ રેલીમાં સામાજિક કાર્યકર અને ગાંધીવાદી નેતા અણ્ણા હઝારે ઉપસ્થિત રહ્યા ન હતા. રેલીમાં અપેક્ષા કરતા ખુબ ઓછા લોકો પહોંચ્યા હતા. મમતા બેનરજીના સાથી મુકુલ રોય અણ્ણાને મનાવવા માટે પહોંચ્યા હતા. મમતા બેનરજીની પ્રતિષ્ઠાને પણ ભારે ફટકો પડ્યો હતો. આ રેલીમાં મમતાએ કહ્યું હતું કે, ભાજપ અને કોંગ્રેસ મળીને દેશને વેચી દેશે. મમતાએ મોદીના ગુજરાત મોડલની ટિકા કરતા કહ્યું હતું કે, ભાજપ અને કોંગ્રેસમાં સિન્ડિકેટ છે. સીપીએમે અનેક વખત તેમની હત્યા કરવાના પ્રયાસ કર્યા છે. ભાજપ અને કોંગ્રેસ આવું જ કામ કરી રહ્યા છે. મમતાએ કહ્યું હતું કે, જ્યાં સુધી જીવિત છે ત્યાં સુધી લોકો માટે કામ કરતા રહેશે. મમતાએ કહ્યું હતું



કે, યુપીએ સરકાર જાય તે જરૂરી છે પરંતુ મમતાએ કહ્યું હતું કે, જે પાર્ટી સાથે રમખાણોનો ઈતિહાસ છે તે પાર્ટી સત્તામાં આવે તેવી વાત પણ કરી ન હતી. રમખાણનો ઈતિહાસ ધરાવતી પાર્ટી સત્તામાં આવે તેમ તેઓ ઈચ્છતા નથી. અણ્ણા હઝારે અને મમતા બેનરજી એક સાથે અરવિંદ કેજરીવાલના ગઢમાં આજે પડકાર ફેંકનાર હતા. રેલી સ્થળ ઉપર મમતા બેનરજી પહોંચી ગયા હતા પરંતુ અણ્ણા પહોંચ્યા ન હતા. અણ્ણા હઝારે રેલીમાં કેમ પહોંચ્યા નથી તેને લઈને અનેક કારણો આવ્યા છે. ખુબ ઓછા લોકો રેલીમાં પહોંચતા અણ્ણા પહોંચ્યા ન હતા તેમ માનવામાં આવે છે. મોદીને કોમવાદી તરીકે પરોક્ષ રીતે મમતાએ ગણાવ્યા હતા.

## મુરલી મનોહર જોશીની બેઠક અંગે આજે નિર્ણય

નવી દિલ્હી,તા.૧૨

ભાજપની કેન્દ્રીય ચૂંટણી સમિતિની બેઠક આવતીકાલે ભારે ઉત્તેજના વચ્ચે મળનાર છે. આ બેઠકમાં લોકસભાના ઉમેદવારો અંગે પસંદગી કર્યા બાદ નિર્ણય લેવામાં આવે તેવી શક્યતા છે. હાલમાં કેટલીક બેઠકોને લઈને ભાજપમાં પણ ખેંચતાણ ચાલી રહી છે. આવી સ્થિતિમાં આવતીકાલે મળનારી બેઠકને ખુબ જ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. આરજેડીમાંથી ભાજપમાં જોડાયેલા રામકૃપાળ યાદવને પાટલીપુત્ર લોકસભા બેઠક પરથી મેદાનમાં ઉતારવામાં આવશે કે કેમ તેને લઈને પણ આવતીકાલે ચિત્ર સ્પષ્ટ થશે. આ ઉપરાંત ભાજપના વરિષ્ઠ નેતા મુરલી મનોહર જોશી વારાણસીમાંથી ચૂંટણી લડશે કે કેમ તેને લઈને પણ ચિત્ર સ્પષ્ટ થશે. ભાજપ પ્રમુખ રાજનાથસિંહ, ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદી, લાલકૃષ્ણ અડવાણી અને અન્ય વરિષ્ઠ નેતાઓ આ બેઠકમાં ઉપસ્થિત રહેશે. ૧૩મી માર્ચના દિવસે એટલે આવતીકાલે મુરલી મનોહર જોશીની બેઠક અંગે



અંતિમ નિર્ણય થશે. જોશી ગયા વખતે વારાણસીમાં જીતી ગયા હતા. તેમણે કહ્યું છે કે, પક્ષનું કેન્દ્રીય ચૂંટણી સમિતિની બેઠક દ્વારા ૧૩મી માર્ચે આ અંગે નિર્ણય લેવાશે. આ પ્રકારના મુદ્દાઓ ઉપર તેઓ વધારે વાત કરવા માંગતા નથી. જે કંઈપણ કહેવાનું હશે તે પક્ષની અંદર કહીશ. આવતીકાલની બેઠકમાં વારાણસી બેઠક પરથી જોશીને મેદાનમાં ઉતારવામાં નહીં આવે તો પણ તેઓ પક્ષના નિર્ણયને સ્વીકારશે તેવો સંકેત મુરલી મનોહર જોશી આપી ચુક્યા છે. માત્ર મુરલી મનોહર જોશીની બેઠકને લઈને જ નહીં બલ્કે રાજનાથસિંહની બેઠકને લઈને પણ વિવાદ છે. આ ઉપરાંત કેટલાક સિનિયર નેતાઓ અન્ય બેઠકો મુદ્દે પણ પોત પોતાની રીતે લોબી ચલાવી રહ્યા છે. રામ કૃપાળ યાદવ પાટલીપુત્ર બેઠકની માંગણી કરી રહ્યા છે. આ ઉપરાંત અન્ય સભ્યો દ્વારા પણ પોતપોતાની રીતે રજૂઆત કરવામાંઆવી છે. ચૂંટણી સમિતિની બેઠકમાં નવજોતસિંધુને ક્યાથી મેદાનમાં ઉતારવામાં આવશે તે અંગે પણ નિર્ણય થશે. માત્ર ભાજપના કાર્યકરોમાં જ નહી બલ્કે અન્ય રાજકીય પક્ષોમાં પણ ભાજપની કેન્દ્રીય ચૂંટણી સમિતિની બેઠકને લઈને તમામની નજર કેન્દ્રીય થઈ ગઈ છે.

## મતદાન સુધી સટ્ટા બજારમાં ૬૦૦૦૦ કરોડ ટર્નઓવર

મુંબઈ, તા.૧૨

લોકસભાની ચૂંટણીની જાહેરાત કરવામાં આવ્યા બાદ હવે સત્તા બજારમાં પણ તેજી આવી ગઈ છે. સત્તા બજારમાં પહેલાથી જ ફેંસલો થઈ ચૂક્યો છે. મોટાભાગના સટોડિયાઓ માની રહ્યા છે કે મેમાં નરેન્દ્ર મોદી વડાપ્રધાન બનશે અને અન્ના દ્રમુકના જયલલિતા જેવી પાર્ટીઓની મદદથી એનડીએ ૨૭૨ના આંકડાને પાર કરી લેશે. પંટર્સના ગણિત મુજબ કોંગ્રેસને ૧૦૦થી પણ ઓછી સીટો મળશે. નરેન્દ્ર મોદી ઉપર સત્તા બજારમાં મોટો દાવ રમાઈ રહ્યો છે. દેશના ટોચના બુકીઓએ ૧૦મી માર્ચના દિવસે મોડી સાંજે પોતાના દાવનો ખુલાસો કર્યો હતો. તેમના જણાવ્યા મુજબ એકદમ ખરાબ સ્થિતિ હોવાની સ્થિતિમાં પણ ભાજપ ૨૦૦ સીટ મેળવી લેશે. આ સટ્ટોડિયાઓએ ૨૨ પૈસાનો દાવ લગાવ્યો છે. અલબત્ત ૨૨૫ બેઠકો માટે ૧.૮૦ રૂપિયાનો દાવ મૂકાઈ રહ્યો છે. કેટલાક ઓપરેટર માની રહ્યા છે કે ભાજપ ૨૩૦-૨૩૫ બેઠકો જીતી શકે છે. પરંતુ આના ઉપર કોઈ દાવ લાગી રહ્યા નથી. ઓપરેટરોએ એક અગ્રણી અખબાર સાથેની વાતચીતમાં કહ્યું છે કે ૧૬મી મેના દિવસે મતદાન પૂર્ણ થાય ત્યાં સુધી ટર્ન ઓવર ૬૦૦૦૦ કરોડ સુધી જશે.

## મહારાષ્ટ્રમાં કેજરીવાલે પ્રચારની શરૂઆત કરતા ભાજપ અને કોંગ્રેસ બંને ઉપર તેજાબી આક્ષેપો કર્યા

મુંબઈ,તા.૧૨

આમ આદમી પાર્ટીના નેતા અને દિલ્હીના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે આજે મહારાષ્ટ્રમાં તેમની લોકસભા ચૂંટણી માટે પ્રચારની શરૂઆત કરી હતી અને ભાજપ અને કોંગ્રેસ બંને ઉપર તેજાબી પ્રહારો કર્યા હતા. ભારે અંધાધૂંધી અને વિરોધ વચ્ચે કેજરીવાલે લોકલ ટ્રેનમાં પણ મુસાફરી કરી હતી. રોડ શો મારફતે લોકોને પ્રભાવિત કરવાના પ્રયાસ કર્યા હતા. ખુલાપન હાઉસ ખાતે એકત્રિત લોકોને સંબોધતા કેજરીવાલે કહ્યું હતું કે, ભાજપે હિન્દુઓ માટે અને કોંગ્રેસે મુસ્લિમો માટે કંઈ જ કર્યું નથી. અરવિંદ કેજરીવાલે ઉપસ્થિત થયેલા લોકોને ઘેર ઘેર જઈને લોકો માટેની સરકારને મત આપવા અપીલ કરી હતી. અગાઉ દિવસમાં અરવિંદ કેજરીવાલે જોરદાર રોડ શોનું



આયોજન કર્યું હતું. યાત્રીઓએ ઉપનગરીય અંધેરીથી ચર્ચગેટ સુધી ભારે ચક્કાજામની સ્થિતિ સર્જી હતી. પક્ષના વરિષ્ઠ નેતાઓની સાથે અને એએપીના કાર્યકરો સાથે કેજરીવાલે લોકલ ટ્રેન પકડતા અંધેરીથી ચર્ચગેટ સુધી લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. એએપીના નેતાએ આખરે ચર્ચગેટ પહોંચીને લોકો સાથે વાત કરી હતી. કેજરીવાલની ઝલક લેવા માટે પણ લોકો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. લોકોમાં યુવા પેઢીના લોકો પણ હતા. કેટલાક લોકોએ કેજરીવાલને કાળા ધ્વજ પણ બતાવ્યા હતા. આ લોકોએ કહ્યું હતું કે, તેઓ કોઈ સંસ્થાના નથી પરંતુ વિદ્યાર્થીઓ છે. કેજરીવાલના મિડિયા મેનેજમેન્ટ સામે આ લોકોએ વિરોધ કર્યો હતો. યુટ્યુબ ઉપર તેમની લીક થયેલી વિડિયોથી તેમની પ્રતિષ્ઠાને ફટકો પડ્યો છે. અગાઉ એએપીના કાર્યકરોએ અવ્યવસ્થા ઉભી કરી હતી. બીજી બાજુ એડિશનલ કમિશનર ઓફ પોલીસે કહ્યું હતું કે, આ કોઈ રોડ શો ન હતો. સાથે સાથે પશ્ચિમ ઉપનગરીય વિસ્તારમાં કેજરીવાલની મુલાકાત દરમિયાન કોઈ નિયમોનો ભંગ થયો ન હતો જેથી એએપી સામે ગુનો નોંધવાનો કોઈ પ્રશ્ન થતો નથી. કેજરીવાલે મેઘા પાટકર માટે ઝુંબેશના ભાગરુપે ઝુપડપટ્ટી વિસ્તારમાં પણ પહોંચ્યા હતા.

## હુન્ડાઈની નવી કાર એક્સેન્ટ સેડાન લોંચ

મુંબઈ, તા.૧૨

કાર ઉદ્યોગમાં હાલ જુદી જુદી કંપનીઓ વચ્ચે લોકોને આકર્ષિત કરવા તીવ્ર સ્પર્ધા ચાલી રહી છે. આના કારણે મહાકાય કંપનીઓમાં વધારે સ્પર્ધા જોવા મળીરહી છે. આ દિશામાં આગળ વધીને હુન્ડાઈ એક્સેન્ટ સેડાન લોંચ કરવામાં આવી છે. આની કિંમત ૪.૬૬ લાખ રૂપિયા રાખવામાં આવી છે. કંપનીએ દાવો કર્યો છે કે, આ કાર લોકોને પસંદ પડશે. હુન્ડાઈની નવી સબ-૪ મીટરની કોમ્પેક્ટ સેડાન કાર મારુતિની ડિઝાયર અને હોન્ડા એમેઝ સામે સોદામાં ઉતરે



તેવી શક્યતા દેખાઈ રહી છે. નવી કારમાં અનેક વિશેષતાઓ રહેલી છે. એક્સેન્ટ પેટ્રોલ અને ડીઝલ બંનેમાં લોંચ કરવામાં આવી છે. પેટ્રોલ કારની કિંમત ૪.૬૬ લાખથી લઈને ૬.૪૭ લાખ રૂપિયા રાખવામાં આવશે જ્યારે ડિઝલ કારની કિંમત ૫.૫૬ લાખથી લઈને ૭.૩૮ લાખ રૂપિયા રાખવામાં આવશે. એક્સેન્ટ કાર બે એન્જિન વિકલ્પમાં મળશે. આ કારને લોંચ કરતા કંપનીએ કહ્યું છે કે, ડિઝલ કાર ૨૪.૪ કેબીની માઈલેજ આપશે જ્યારે પેટ્રોલ ૧૯.૧ કિલોમીટરની માઈલેજ આપશે. ૨૦૧૪માં ઓટો એક્સપોમાં આ કાર પ્રથમ વખત પ્રદર્શન માટે રજૂ કરવામાં આવી હતી. ફેબ્રુઆરી મહિનામાં ઓટો એક્સ્પોનું આયોજન કરવામાં આવ્યું હતું. નવી કારમાં અતિ આધુનિક ટેકનોલોજીને પણ આવરી લેવામાં આવી છે.

## જમ્મુ કાશ્મીરમાં ભારે હિમવર્ષાના કારણે ભેખડો ધસી પડવાના બનાવ : ૧૧ના મોત

### અતિ મુશ્કેલરૂપ એવા કાજીગુંદ વિસ્તારથી સેંકડો લોકોને સુરક્ષિત ખસેડાયા : વિજળી અને પાણી પુરવઠો ખોરવાયો

શ્રીનગર,તા.૧૨

જમ્મુ કાશ્મીરમાં ભારે હિમવર્ષાના કારણે ભેખડો ધસી પડવાના બનાવમાં સેનાના બે જવાન સહિત ૧૧ લોકોના મોત થયા છે અને ૧૦૦થી વધુ લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવ્યા છે. માર્ચ મહિનામાં ભારે હિમવર્ષાના કારણે ભેખડો ધસી પડવાના બનાવો જારી રહ્યા છે. ભારે હિમવર્ષા અને ભેખડો ધસી પડવાના બનાવના લીધે જમ્મુ કાશ્મીરમાં ડઝનથી મકાન સહિત ૧૫૦ માળખાઓને નુકસાન થયું છે. સેનાના બે જવાન નાયક વિજયપ્રસાદ અને ધરમેન્દ્રસિંહના મોત થયા છે. પોલીસે આજે માહિતી આપતા કહ્યું છે કે, લડાખ પ્રદેશના કારગિલ સેક્ટરમાં તેમના કેમ્પ નજીક ભેખડ ધસી પડતા આ બે જવાનોના મોત થયા છે. બંનેના મૃતદેહ પણ મળી આવ્યા છે. જ્યારે આજે વહેલી પરોઢે દક્ષિણ કાશ્મીરના કુલગામ જિલ્લાના દામહાલ હાંઝીપૌરા વિસ્તારમાં બે મકાન પર ભેખડો તુટી પડી હતી જેમાં ચાર લોકોના મોત થયા હતા. ૪૮ વર્ષીય એક મહિલાનું કાજીગુંદ વિસ્તારમાં ભારે હિમવર્ષાના કારણે મકાન તુટી પડતા મોત થયું હતું જ્યારે અન્ય ત્રણ વેપારી



મજુરોના પણ કારગિલ સેક્ટરમાં મોત થયા હતા. એકંદરે ભારે હિમવર્ષા અને ભેખડો ધસી પડવાના બનાવમાં ૧૧ લોકોના મોત થયા છે. પોલીસ પ્રવક્તાએ માહિતી આપતા કહ્યું છે કે, ૬૫ લોકોને આવરી લેતા ૧૪ ગુજ્જર પરિવારોને કુલગામ જિલ્લામાં કાજીગુંદ ખાતે અન્ય ખસેડવામાં આવ્યા છે. કારણ કે અહીં ભેખડો ધસી પડવાની શક્યતા રહેલી છે. જ્યારે ૨૪ લોકોને આવરી લેતા વધુ છ ગુજ્જર પરિવારને કાજીગુંદના મિરાશીનાલ્લા વિસ્તારમાંથી સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવ્યા છે. એકંદર કુલ ૧૦૦ લોકોને જટિલ વિસ્તારમાંથી સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવ્યા છે. ઉત્તર કાશ્મીરમાં કુપવારા જિલ્લાને સૌથી વધારે અસર થઈ છે. અહીં સૌથી વધારે નુકસાન થયું છે. ભારે હિમવર્ષાના લીધે સમગ્ર કાશ્મીરમાં જનજીવન ખોરવાઈ ગયું છે. વિજળી અને પાણી પુરવઠો ઠપ્પ થઈ ગયો છે. સત્તાવાળાઓએ ખીણના ઉંચાણવાળા વિસ્તારોમાં સાવધાન રહેવા લોકોને સલાહ આપી છે. દેશના અન્ય ભાગોથી ઘણા વિસ્તારો સંપર્ક ખોરવાઈ ગયો છે. આગામી દિવસોમાં પણ કાશ્મીર ખીણમાં ભેખડો ધસી પડવાના અને હિમવર્ષાના અહેવાલ મળ્યા છે જેથી લોકો સામે તકલીફ હાલમાં ઓછી થાય તેવી શક્યતા ઓછી દેખાઈ રહી છે.

## સ્પાઈસ જેટ બોઈંગ પાસેથી ૪૨ વિમાન ખરીદવા તૈયાર

હૈદરાબાદ,તા.૧૨

બજેટ એરલાઈન્સ સ્પાઈસ જેટે બોઈંગ સાથે એક મહાકાય સમજૂતિ કરી છે. ૪.૪ અબજ ડોલરની કિંમતમાં ૪૨૭૩૭ મેક્સ જેટ વિમાનો ખરીદવા માટે બોઈંગ સાથે સમજૂતિ કરવામાં આવી છે. કંપનીએ એક યાદીમાં આજે મુજબની માહિતી આપી હતી. આ નિર્ણય લેવામાં આવ્યા બાદ સ્પાઈસ જેટના શેરમાં જોરદાર ઉછાળો બોલાયો હતો. જાન્યુઆરી મહિનામાં આ સમજૂતિ અંગેના અહેવાલ સૌથી પહેલા એક સમાચાર સંસ્થા દ્વારા પ્રકાશિત કરવામાં આવ્યા હતા. આ ઓર્ડરના પરિણામસ્વરુપે નુકસાન કરી રહેલા ભારતીય કેરિયર સ્પાઈસ જેટને ફાયદો થઈ શકે છે. સ્પાઈસ જેટને માર્કેટ હિસ્સેદારીની દૃષ્ટિએ ચોથી સૌથી મોટી એરલાઈન તરીકે ગણવામાં આવે છે. કારણ કે, નવા મૂડીરોકાણકારોની ઈચ્છા વ્યક્ત કરવામાં આવી છે કે, સ્પાઈસ જેટના પેરેન્ટ ગ્રુપ સનગ્રુપમાં ચીફ ફાઈનાન્સિયલ ઓફિસર એલ. નારાયણને કહ્યું છે કે, નવા વિમાનો ૨૦૧૮માં મળવાની શરૂઆત થશે. ઈન્ડિયન એર શોમાં પત્રકારો સાથે વાતચીત કરતા તેમણે આ મુજબની વાત કરી હતી.

## કેજરીવાલની પાર્ટીમાં બળવો થવાના સંકેત

આમ આદમી પાર્ટીમાં કામકાજ અને ટિકીટ ફાળવણીને લઈને હવે બળવાની સ્થિતિ ઊભી થઈ ગઈ છે. ઘણા લોકો દિલ્હીના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના નેતા અરવિંદ કેજરીવાલથી નાખુશ દેખાઈ રહ્યા છે. આમ આદમી પાર્ટીના બે સિનિયર નેતા કુમાર વિશ્વાસ અને સાજિયા ઈલમી પણ હવે નાખુશ દેખાઈ રહ્યા છે. એકબાજુ અરવિંદ કેજરીવાલ સામે પાર્ટીમાં ટોચના સભ્યોને જાળવી રાખવાની સ્પર્ધા શરૂ થઈ ગઈ છે. સાજિયા ઈલમીએ કહ્યું છે કે તેઓ પોતે પણ પક્ષની કામ કરવાની સ્થિતિથી ખૂબ જ નાખુશ છે. બીજી બાજુ અરવિંદ કેજરીવાલે ટ્વીટર ઉપર કહ્યું છે કે મોદી ઉપર પ્રહાર કરવામાં આવ્યા બાદ કેટલીક તાકાતો રસ્તાઓ બદલી રહી છે.

## તેજકિરણોની ભૂમિ - ભારત (પાના નં. ૪ નું ચાલુ)

આજે વિશ્વના કહેવાતા પ્રગત દેશોની ભૌતિક અને વૈજ્ઞાનિક પ્રગતિમાં ભારતીય બુદ્ધિ ધનનું અત્યંત મહત્ત્વપૂર્ણ યોગદાન છે. નાસામાં ૩૪ % જેટલા વૈજ્ઞાનિકો ભારતીય મૂળના છે. અમેરિકાના ૩૪ % ડોક્ટરો ભારતીય છે.

પશ્ચિમના દેશોએ ભૌતિક પ્રગતિ સાધી, પણ તેના પાયામાં તો ભારત જ રહ્યું છે. ભારતે ભૌતિક અને આધ્યાત્મિક બંને પાસાંઓમાં પ્રગતિ સાધી. પશ્ચિમે અર્થ અને કામ આધારિત જીવન ઘડ્યું. ભારતે ધર્મ-અર્થ-કામ-મોક્ષ એવા ચાર સ્તંભો પર સંતુલિત જીવન ઘડ્યું. પશ્ચિમે કહ્યું, “We are master of Universe.” ભારતે કહ્યું, “We are particle of Univers.”એકમાં ભારોભાર અહંકાર અને માલિકીભાવ છલકાય છે, તો બીજામાં વિનમ્રતા અને પ્રકૃતિ સાથે સમન્વયની ભાવનાનાં દર્શન થાય છે. પશ્ચિમ દેહની વાસના સંતોષવાનું સ્વચ્છંદીપણું શીખવે છે તો ભારત સંયમપૂર્ણ ઉપભોગની વાત સમજાવે છે. પશ્ચિમ સ્વકેન્દ્રી બનવાના પાઠ ભણાવે છે, તો ભારત રાષ્ટ્રીયતાના રાજમાર્ગ પર ચાલીને વૈશ્વિકતાનો માર્ગ ચીંધે છે. ભારત આવું વિરાટમના ચિંતન ધરાવે છે.

પણ... વર્તમાનની વાસ્તવિકતા દુ:સહ છે. ભારતની અસ્મિતાને ભૂલીને આપણે વિદેશી વિચારધારાની આંધીમાં ફસાયા. સ્વત્વ, સ્વાવલંબન અને સ્વાધીનતા ભૂલ્યાને પરાવલંબન અને પરાધીનતાના વમળમાં ફસાયા. સ્વતંત્ર થયા પણ ‘સ્વ તંત્ર’ ન લાવી શક્યા. વિશાળ લશ્કર અને આધુનિક શસ્ત્ર-સરંજામ હોવા છતાં ગણ્યા-ગાંઠ્યા આતંકવાદીઓને જેર ન કરી શક્યા. બાંગ્લાદેશ જેવા પાડોશી રાષ્ટ્રના કરોડો ઘૂસણકોરો આપણને જળોની જેમ વળગ્યા છે અને ભારતમાતાનું લોહી ચૂસે છે. રાષ્ટ્રના જ ઘટકો એકબીજાનું શોષણ કરે છે. શ્રેષ્ઠાચાર ભૂલી ભ્રષ્ટાચાર આચરે છે. જીવનની હર પળ દેશ માટે જીવવાનું, તેને બદલે કેવળ ૧૫ ઓગસ્ટ અને ૨૬ જાન્યુઆરીએ દેશભક્તિનો દંભ ખૂંચે એવો છે.

આપણા એક વખતના ‘તેજોમય ભારત’નું ચિત્ર જન-જનના માનસપટ પરથી ભૂંસાઇ ગયું હોય એવું લાગે છે. ધૂંધળા થઇ ગયેલા એ ચિત્રની રેખાઓને ફરી ઘૂંટવી છે, એમાં નવા રંગો પૂરવા છે... એ આપણા દીપોત્સવનો શુભ સંકલ્પ હોઇ શકે. દીપ માલિકાના પ્રત્યેક દીપની વાટ સંકોરવી છે. એમાં પરિશ્રમનું અને સાધનાનું તેલ પૂરવું છે.

ભારતની ૧૨૧ કરોડની જનસંખ્યા, એનું બાહુબળ, એનું બુદ્ધિબળ અને એનું સંકલ્પબળ ભારતનું પુનરૂત્થાન કરશે, ભારતને વિશ્વના સર્વોચ્ચ સિંહાસને આરૂઢ કરશે.

રાષ્ટ્ર પ્રત્યેની અનન્ય ભક્તિ જ બધાં દુ:ખોનો ઉપાય છે. રાષ્ટ્રના સુખમાં આપણું સુખ અને દુ:ખમાં દુ:ખ સમાયેલું છે.

If nation lives, who dies and
if nation dies, who lives ?

ફરી ‘માતા ભૂમિ: પુત્રોડહં પૃથિવ્યા: ।’ (આ ભૂમિ મારી માતા છે અને હું એનો પુત્ર છું) એ ભાવ જન-જનમાં પ્રગટે અને એ ભાવનાની ભક્તિમાંથી નવચૈતન્ય જાગૃત થાય તો નવું પરોઢ સમગ્ર વિશ્વને અજવાળશે. તેજકિરણોના ભૂમિ ભારત પર અવિરત પ્રકાશ રેલાવતાં સહસ્ત્રો તેજકિરણોમાનું એક હું બનું અને આ તેજપુંજ સમી ધરતીમાં વિલીન થઇ જાઉં તો એ મારૂં અહોભાગ્ય હશે!